સુરત મહાનગરપાલિકાની નગર નિયોજન અને શહેર સુધારણા સમિતિની તા.૨૭-૧૨-૮૪ના રોજ મળેલ સભામાં નીચે મુજબનો ઠરાવ પસાર થયો હતો:-

:::

મ્યુ.કમિશ્નરશ્રીના તા.૧૮-૧૨-૮૪ના પત્રક્રમાંક :સીમીસ/૮/ટીપી/૫૭ થી વિદિત થઈ, તેમાં જણાવ્યા મુજબ, વિશ્વ બેંકની સહાયથી સુરત મહાનગરપાલિકાના વધારેલા વિસ્તારમાં નવી ટાઉન પ્લાનીંગ સ્કીમો બનાવવા બાબતે દરખાસ્ત સાથે રજુ કરેલ નકશામાં ગુલાબી ઘેરા રંગથી સળંગ રેખાથી બતાવેલ વિસ્તારને ટાઉન પ્લાનીંગ સ્કીમ, સુરત નં.૧૫ ( ફુલપાડા ) તરીકે પ્રસિધ્ધ કરવાનો ઈરાદો જાહેર કરવા, ઈરાદો જાહેર કરવા અંગેની જાહેર ખબરનો રજુ કરેલ ખરડો મંજુર કરવા તથા સદર જાહેર ખબર સ્થાનિક દૈનિકપત્રોમાં બહોળો ફેલાવો કરવા ગુજરાતમિત્ર, પ્રતાપ અને ગુજરાત સમાચારમાં એક એક વખત પ્રસિધ્ધ કરવા અને ઈરાદો જાહેર કરાયા મુજબ તેને સરકારશ્રીના રાજયપત્રમાં પ્રસિધ્ધ કરવા વિગેરે કામે સરકારશ્રીમાં પત્રવ્યવહાર કરવાની મંજુરી આપવા આ સમિતિ સામાન્ય સભાને ભલામણ કરે છે.

ઠરાવ નં. ૯૭ સર્વાનુમતે મંજુર.

...

પ્રો.રા. જનરલ બોર્ડ,

ઈ.ચા.સેક્રેટરી,
સુરત મહાનગરપાલિકા.
તા.૨૯-૧૨-૮૪.